પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર, વડોદરા
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦ કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક : G/CP/વિ.શા./વિ.સભા/મ.ગણતરી પેટા ચૂ./જાહેરનામું/૬૫૮૨/૨૦૨૦ વડોદરા, તારીખ ૭ /૧૧/૨૦૨૦

## જાહેરનામું

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪-ના નં.૨) ની કલમ.૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ ૩૭(૧)(૩) અન્વયેનો હુકમ :-**

// હુકમ //

ભારતના ચૂંટણી આયોગ નવી દિલ્હી દ્વારા ગુજરાત રાજ્યમાં ૧૪૭-કરજણ વિધાનસભાની પેટા ચૂંટણી મતગણતરી વડોદરા પોલીસ કમિશ્નરશ્રીની હકુમતમાં આવેલ પોલીટેકનીક કોલેજ, ફતેગંજ ખાતે થનાર છે, મતગણતરી સમયે સુલેહ શાંતિ જળવાઈ રહે, ચૂંટણી પ્રક્રિયા ન્યાયી અને મુકત વાતાવરણમાં સંપન્ન થાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બને નહી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુસર મતગણતરી શરૂ થાય તે સમયથી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી મતગણતરી બિલ્ડીંગના કંપાઉન્ડની દિવાલની આજુ-બાજુમાં ૨૦૦ મીટર ઘેરાવામાં મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર કે ચારથી વધુ વ્યક્તિ એકઠા થવા ઉપર કે સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર કે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું **આર.બી.બ્રહ્મભટ્ટ**, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ.૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ.૩૭(૧)(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ:૧૦/૧૧/૨૦૨૦ ના રોજ કલાક ૦૦:૦૦થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચેના સ્થળે મતગણતરી બિલ્ડીંગના કમ્પાઉન્ડની દિવાલની આજુ-બાજુ ૨૦૦ મીટરના **ઘેરાવામાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.**

(૧) મતગણતરી મથકની ચારેબાજુ ૨૦૦ મીટરના વિસ્તારમાં ચારથી વધુ વ્યક્તિઓ એકઠા થવા પર કે સભા ભરવા તથા સરઘસ કાઢવા પર.

(૨) મતગણતરી મથકની અંદર કે કમ્પાઉન્ડમાં કે મતગણતરી મથકની ચારેબાજુના ૨૦૦ મીટરની ત્રિજીયાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિએ મોબાઇલ ફોન, વાયરલેસ સેટ, કોર્ડલેસ ફોન, કે સંદેશા વ્યવહારના અન્ય કોઇ ઉપકરણો લઇ જવા કે ઉપયોગ કરવા પર કે વાહન લઇ જવા પર કે પાર્ક કરવા પર;

(૩) મતગણતરી મથકના કમ્પાઉન્ડ કે મથકની અંદર કોઇપણ વ્યક્તિએ બાકસ, લાઇટર, ગેસ લાઇટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો લઇ જવા પર કે ઉપયોગ કરવા પર;

(૪) મતગણતરી કામગીરીમાં કોઇ અડચણ કે ખલેલ પહોંચાડવા ઉપર;

### -:::- પ્રતિબંધિત વિસ્તાર -:::-

**વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ પોલીટેકનીક કોલેજ, ફતેગંજ, વડોદરા** ખાતે મતગણતરી રાખવામાં આવેલ છે. જે મતગણતરી મથકની દિવાલની ચારેબાજુ ૨૦૦ મીટરનો વિસ્તાર.

### અપવાદ

સરકારી અધિકારી/કર્મચારી તથા પોલીસ અધિકારી/કર્મચારી જે ચૂંટણી મતગણતરી અંગેની ફરજ ઉપર હોય અને મતગણતરીની વ્યવસ્થા સાથે સંકળાયેલા હોય તેવા વ્યકિતને ઉપરોકત પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે તેમજ ચૂંટણી આયોગ દ્વારા માન્યતા પ્રાપ્ત મિડીયા કર્મિ.ઓ પોતાના મોબાઇલ ફોનનો ઉપયોગ ફક્ત મિડીયા રૂમમાં જ કરી શકશે.

### શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર આઇ.પી.સી.કલમ-૧૮૮ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ.૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નરેટમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે

આઇ.પી.સી.કલમ-૧૮૮ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ.૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

<u>-: જાહેર વિજ્ઞપ્તિ :-</u>

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય, આથી એક તરફી આદેશ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, દૂરદર્શન કેન્દ્રો મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પો.સ્ટે., મ.પો.કમિ. અને ના.પો.કમિ.તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ.૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

તારીખ : ૭ /૧૧/૨૦૨૦ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

(આર.બી.બ્રહ્મભટ્ટ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>જયભારતસહ નકલ રવાના</u> :-

(૧) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૪) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૬) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૭) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૦) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૧) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૩) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ